શ્રીમાન:

બાપુસાહેબ વીરહ:

તથા

કુદરતી કોલેરાનો હેવાલ.

રચી-છપાવી-પ્રસિદ્ધ કરનાર.

સોની છોટાલાલ કીશોરદાસ ભક્ત.

ઠે. લીમડી શેરી-મુ. પેટલાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૦૦

સંવત ૧૯૭૨ સને ૧૯૧૬

કીંમત ૦—૧—૦ એક આનો.

અમદાવાદ,

પાનકોરના નાકે ધી " મનહર " પ્રીન્ટીંગ પ્રેસમાં

મોતીલાલ ગણપતરામે છાપી.

શ્રી

બાપુસાહેબ વીરહ

તથા

કુદરતી કોલેરાનો હેવાલ.

દોહરો.

જગકર્તા હે ઇશ્વરા રચીયા આ સંસાર
ખોટો ખેલ આ ખલકમાં સરજ્યાં તેં નરનાર
માથે દુઃખ મુવા તણું કોણ રંક ને રાજ,
કાળ શાર કોપી રહ્યો જેમ તેતરપર બાજ.
કમળવાડી પુષ્પની ખીલે ને કરમાય,
તેવો પણ આ ખેલ છે કોઇ આવે કોઇ જાય.
તરણાનો મેરૂ કરે મેરૂનું તરણુજ હોય,
ઓચીંતાં દુઃખ આવતાં હરી કરે સો હોય.
દયા ધર્મકો મુળ હે પાપ મુળ અભીમાન,
તુલશી દયા ન છાંડીએ જબલગ ઘટમાં પ્રાણ.
નામ રહતા ઠાકરો નાણું નહીં રહંત,
કીર્તી બાંધ્યાં કોટડાં પાડયાં નહી પડંત.

જનુની જણુ તો ત્રણુ જણુ દાતા ભકતા, કે શુર.
નીકર રહેજે વાંઝણી મત ગુમાવે નુર.
આવેગા જબ રોયગા જાવેગા જબ રોય.
તુલશી એસે અભાગીયે કુશલ કયાંથી હોય.

ગધમાં.

સદ્ગૃહસ્થો અને મારા વહાલા મીત્રો ! આપણુને આવો અમુલ્ય રત્ન મણી દેહ માતાને પેટ જન્મ ધરી શુરવીરપણું, દાતારપણું તેમજ ભકતપણુ કોઈ પણુ સત્કીર્તી ના મેળવે ત્યારે મીથ્યા જનુની ભારે મારી, પાશાણુ જેવા તથા તેની અમુલ્ય જીંદગાની અફળ ગુમાવી જાણવી. રા. રા. વકીલ સાહેબ પુરસોતમરાવ પરશુરામ ઉર્ફે બાપુસાહેબ ગામ પેટલાદના સંવત ૧૯૭૨ ના અશાડ વદી ૮ વાર શનીવારે સાંજના ચાર વાગતાં કૈલાસવાશી થયા. તેથી ગામના લોકને તથા આસપાસના ગામને ઘણો દીલગીરીનો શોક થએલો કે જેમણે પર કાર્યમાં મદદ તથા ભાગ્યાના ભેરૂ થઈ સતમાર્ગમાં પૈસા ખરચી પોતાનું નામ અમર કર્યુ ને છાસઠ વરસે કોલેરાના રોગથી કૈલાસવાશી થયા. તેમના આત્માને ઈશ્વર શાન્તી આપો.

રા. રા. બાપુ સાહેબ વકીલનો જન્મ દીવસ.

સંવત ૧૯૦૭ ના પોશ વદી ૫ બુધવાર.

વૈદર્ભી વનમાં વલવલે તે રાગ.

(કોસેરો ક્યાંથીરે આવીયો.)

બુદ્ધીસાગર-બાપુસાહેબ હતા અતી અક્કલવાનજી,
શુભ વીદ્યાના અભ્યાસથી આપે અધીકારી માનજી. કોસેરો.

વકીલ વીરકી અગ્રેસર મોહોટી મનમાં હામજી,
શંકર પરતાપે સ્નેહ પામે કરે ગરીબનાં કામજી. કોસેરો.

દયા દાન ને દીનતા હતી બુદ્ધી ઉદારજી,
ભાગ્યાના ભેરૂ થઇ કરે પર ઉપકારજી. કોસેરો.

માતુશ્રી લક્ષ્મીબાઈ છે ધર્મ કામમાં ધ્યાનજી,
આવ્યા જંનને આદર કરે દેતાં બ્રાહ્મણને દાનજી. કોસેરો.

સહકુટુંબમાં શોભતા પુર્વે તણો સંસકારજી,
સેવા વડાલીરે શંકર તણી જીભે જપતા ઉચારજી. કોસેરો.

વડા બંધુ બાળા સાહેબના ચીરણજીવી કહેવાયજી,
માધવરાવ નામ છે કરો શિવજી સહાયજી. કોસેરો.

ત્રીજા બંધુ તાત્યા સાહેબ આગળા વડી નર થાયજી,
બંધુની કરે સેવા ચાકરી જાગે ઝટ ભરી ભાયજી. કોસેરો.

ચાર ચીરણજીવી બાપુ સાહેબના તેનાં દર્શાવ્યાં નામજી,
મ્હોટા વંગક, સદાસીવરાવ, શંકરરાવ ને દામજી. કોસેરો.

ચોથા બંધુ નારણરાવ છે પાંચમાં હારીકા બેનજી,
તેથી નાંનાં બેની નર્મદા, ઘેર શોભે ગોધેનજી. કોસેરો.

દેશી વીદેશીયો ચાલતા આવે જન દસ બારજી,
તેની સગવડ સારી કરે જમવા રસોઇ તૈયારજી. કોલેરો.

એવા વકીલ ફરી નહીં મળે જોતાં પેટલાદ ગામજી,
વકીલ મંડળમાં અગ્રેસર હતા હીંમતવાનજી. કોલેરો.

હાંમ દામ ને ઠામ હતી નામીક જાગીરદારજી,
ધાર્મીક જમીન મંદિરજમાં પુર્વના સંસ્કારજી. કોલેરો.

બાગ બગીચો ને બંગલો સુનાં પડીયાં દામજી,
દક્ષિણી જ્ઞાતી દીપક હતા વસંદા કુઇ આગળ મકાનજી. કોલેરો.

કોકણ દેશ જીલ્લો રત્નાગીરી તાલુકો રાજાપુરજી,
મીડ ગામ અસલ કહું અટક દેશાઇ કુળજી. કોલેરો.

પ્રૌઢ પ્રતાપ વડીલો તણા તે પણ હતા નામદારજી,
તેમના પુન પ્રતાપથી શોભે કુટુંબ પરીવારજી. કોલેરો.

મહારાજા જ્યારે પધારતા કરતા શુભ સત્કારજી.
મીત્ર મંડળ સાથે લઇ ચડાવે ફુલ હારજી. કોલેરો.

બીજા અમલ અધીકારીઓ દેખી હરખતું મનજી,
બાબા કહીને બોલાવતા જાણે તન મન ધનજી. કોલેરો.

શીવ ચિંતામણી સવારથી વાગે દીવસના બારજી,
ધુપ દીપ પુષ્પ ગંઠ મેવા મીઠાઇ થાળજી. કોલેરો.

ત્યાર પછી અનજળ લેવું એવો નીતીનો નેકજી,
અત્યારદી સુધી પુરણ થયું રાખ્યો શીવજીએ ટેકજી. કોલેરો.

મનહરની દેશી.

અભીમાન અંતરમાં અલ્પ નવ રાખે પણ
જાતી દેશ ધર્મતણું અભીમાન રાખતા;
સુસંગતી રાખે સહી કુસંગતી કરે નહી
કુસંગતી વાળાને સુપંથ સદા દાખતા.
દેખી દીન માનવને પ્રાણી દયા દીલે ધરે
સંતોશ પમાડી વાણી નમ્ર મુખે ભાંખતા;
આવ્યાને આદર કરી સ્વાગતામાં શુરવીર
હેતે ધરી હસ્તે મંન બાબા કહી બોલાવતા

ચાલતી રાહ.

શ્વાસ ને ઉચ્છવાસ સર્વે, પલકમાં બંધ થયા
કોઈ કહે નાડી તો અનાડી ને વીકારી છે
કોઇ કહે ઇશ આપે અખંડ આયુષ્ય આજ
સારા થઇ ફરે એવી આશા તો હમારી છે
સર્વેની આશાના ક્ષણવારમાં તમાશા થયા
મરણની ઘડી કહો કાળ ક્યાં પીછાની છે
વીદ્યાનો વીલાસી હોય, જ્ઞાનનો અભ્યાસી હોય
પુણ્યનો સુરાસી હોય કાળ ક્યાં પીછાને છે
વિમળ વિશ્વાશી હોય વિશ્વનો પ્રવાશી હોય
ઉરનો ઉલ્લાશી હોય કાળ તે ક્યાં જાણે છે

દાસ અને દાસી હોય, રમણી ને રાણી હોય
મહાસુખ વાસી હોય કાળ કોનું તાણે છે
ભગીરથ, ભોજ, કર્ણ, વિક્રમ ને અંબરીશ
જેવાની આણેલી દયા કાળે કોણ જાણે છે.

સાખી— દયા ધર્મકા મુળ હે પાપ મુળ અભીમાન
તુલશી દયા ન છોડીએ જબલગ ઘટમાં પ્રાણ.
સમે સમો બળવાન હે નહી ભાગ્ય બળવાન
કાબે અરજુન લુટીયા એ ધનુષ્ય એ બાન
શની રવી ને મંગળા જો પોઢે જદુરાય
ચાક ચઢાવે મેદની કે પૃથ્વી પ્રલ્લે થાય
સમરો જન ઇષ્ટ આપના જપો દીન ને રાત
શાન્તી થાશે સર્વને ન મારે માત કે તાત.

ભાષણ.

સદગૃહસ્થો ! આ પેટલાદ ગામમાં જેઠ વદી ૮થી કોલેરા રોગથી મરણ પામેલાં જન—હીંદુ તથા મુસલમાન આશરે બસે ઉપરાંત હશે, તેની શાન્તી શ્રાવણ સુદી બીજ સુધીમાં થઇ એ માટે ઇશ્વરનો ઉપકાર માનવો. આ કોલેરા રોગને જુદા જુદા દેશમાં જુદા જુદા નામથી ઓળખે છે. તેનાં નામ. ૧. કોલરો. ૨. વિષુચિકા. ૩. મહામારી. ૪. અકાળ મૃત્યુ. ૫ કોગળીયું. ૬. હેજા. ૭. ડાક. ૮. વબા. ૯. માતાનું.

માતા બાળકને શું કરવા મારે, તેનો કાંઇ ગુનોહ કર્યો નથી. એતો સર્વે ભગવાનની રચેલી શકતીઓ છે માટે ઇશ્વરની કુદરત આપણી ક્રિયમાણ પ્રમાણે બને છે. તેમ માની લેવું. ભજનમાં કહ્યું છે કે," થનાર વસ્તુ એણી પેર થાય જેમ શ્રીફળ પાણી ભરે, જનાર વસ્તુ એણી પેર જાય જેમ ગજેન્દ્ર કોઠું ગળે." શ્રીફળમાં કોણ પાણી ભરે છે? તથા હાથી કોઠું ગળી જાય છે તે કોઠું આખું ગુદાયે થઇ નીકળે છે ને તેનો ગર્ભ ભાગી જોતાં માલમ પડતો નથી. તેમજ ભગવાનની માયા અકળ કળા છે, મોટા પુરૂષે ભજનમાં કહ્યું છે કે, કેટલાક ખડગે સંહારશે કેટલાક મરશેરે રોગ, કેટલાક કોલેરે જશે વરતી લેશેરે ભોગ, દેવ પંડીત આગમ ભાખીઆ તેમજ આ કુદરતી શીવની વીશી છે તે પ્રમાણે બને છે: માટે દેવીના નામથી બાધા આખડી હોમ યજ્ઞ ઉજાણી બ્રાહ્મણને ભોજન વિગેરે પુન્ય દાનમાં વપરાશે તેને ઇશ્વર માની લઇ દેવીને માન્ય આપી ઘણા પ્રસન્ન થઈ શાન્તી કરે છે.

રાગ લાવણી.

(એક સમે કૃષ્ણે મૃતીકા ખાધી તે રાગ.)

પુન્યશાળી પેટલાદની મધ્યે કોલેરાએ કહેર કરી
ચાલે ચુંક ને ઉલક ઝાડો જન જાય છે ઘણા મરી
દેવપુરીના જેવું દીસતું જરા લોક ના બેઠા ઠરી
કોલેરાનો જુલમ ઝપાટો કેમ શરમ ના આવી જરી. પુન્ય.

સાંજ સવારે દર્શન જાતાં જન છે ઝાઝા ભગવતી
ઠેર ઠેર દેવ મંદીર દીસે અતીશે શુભ લોકોની મતી
ભુખ્યાને તો ભોજન આપે ગામમાં સદાવ્રત આપે છે
સદગ્રહસ્થો પણ રહે છે શેઠીયા સંત સાધુને આપેછે
પાઠશાળા ને વ્યાકરણશાળા ધર્માદા છે ધર્મશાળા
નાગરકુવે દવાખાનું ધર્માદા આપે ગુલાલ વેલજીવાળા. પુન્ય.
નાગર દેસાઇ છે સદગૃહસ્થો જાગીરદાર નામીક કહીએ
મહાજનના મન ઉદાર વૃત્તિ શેરી બજારો છે તહીંયે
મુસલમાન કસબાતી કહીંયે વતનદાર પણ છે ઝાઝા.
આવ્યા જનને આદર દેછે મોટી તેમની છે માઝા. પુન્ય.

રાસડો.

પ્રભુ તારી ગત છે ન્યારીરે બચાવાની ના જરે બારીરે
સંવત ૧૯૭૨ કહીંયે ઉતરતો જેઠ માસ
આઠમથી જ્યારે આરંભ કીધો કોલેરે કીધો ત્રાસ
કંપે ઘણાં નર ને નારીરે બચાવા. પ્રભુ.
મુસલમાન ગભરાવા લાગ્યા છોડયા વાદ વીવાદ
કોલેરા દુઃખથી કોણ બચાવે કરે અલ્લાને યાદ
કસબો ઘર ચાર હજારીરે બચાવા. પ્રભુ.
ત્યાંથી ચારે પાસ ફેલાયું લોકના મળીયા ભોગ
એક જાય ને બીજાને ઝાલે જાણે ચેપી રોગ
ગયા લોક હીંમત હારીરે બચાવા. પ્રભુ.

કોઇ દીન દસ ને કોઇ દીન પંદર, કોઈ દીન વીશ પચીસ
ભયંકર જેવા દીવસ લાગે અરજ સુણો તમે ઇશ
હવે શી ગતી હમારીરે બચાવા. પ્રભુ.
પ્રથમ નાગર ચકલા મધ્યે સતચંડી હવન
શેઠ રમણલાલ તરફથી કીધો ઉદારતા અતી મન
બ્રાહ્મણ વેદ ભણતા ભારીરે બચાવા. પ્રભુ.
નાગરકુવો ને લીમડી શેરી હરી મલીને જન
નાગરકુવા ચકલા મધ્યે બીજો કીધો હવન
મંડપની શોભા સારીરે બચાવા. પ્રભુ.
ત્રીજો હવન સતચંડીયે કહીયે ધારી કુઈ છે જ્યાંય
દેશાવર વણીકોયે કીધો ધર્મશાળાની માંય.
ચોઘડીયાં વાગતાં ભારીરે બચાવા. પ્રભુ.
એ વીના બીજા હવન ઉજાણી મહેલ્લે મહેલ્લે થાય
ગરબા ગાતી ચાલતી નારી આનંદ ઉર ન માય
જુવા લોક ધુણતા ભારીરે બચાવા પ્રભુ.
કાછીયાપટલ નાત મળીને મોકલ્યો માતાનો રથ
પાવાગઢ જઇ મહાકાળીને પોંચાડ્યો પોતાને હસ્ત
જોવા મળ્યાં નરને નારીરે બચાવા. પ્રભુ.
ભાગોળે બહુ ભીડ થઇ ને જોવા મલ્યા બહુ લોક
ઢોલ ભુંગળ ને ડાકલાં વાગે ટળે તનના શોક
ગરબો ગાતી ધાર્મીક નારીરે બચાવા. પ્રભુ.
અઢારે વર્ણ ઉજાણી કરવા નીકળ્યા ગામથી બહાર
બાકી નહી કોઇ ઉજાણી વીના ધરાવે માતાને થાળ
શાન્તી થઈ શ્રાવણમાં સારીરે બચાવા. પ્રભુ.

રોગનાં ચીન્હનો વરતાવ.

કોલેરો રોગ જેને લાગે છે તે બેચેન થાય છે—ઉબકા, ઓકારી થાય છે. થુંક, ઝાડો તથા પેસાબ થોડો તથા પુષ્કળ પસીનો, શરીરની તદન નિર્બળતા તથા હાથપગની કરચોલીઓ આંખમાં કુવા પડવાનો સંભવ ચેહેરામાં ચીન્તા હાથ પગ ને જાંગમાં ગોટલા, શ્વાસમાં ગભરામણ અને તેની નાડી બંધ પડતી લાગે છે. પાણીનો સોસ તથા તેનો અવાજ ખોખરો ને કોઇ વખત બેઠેલો જણાય છે. હાથપગ તદન ઠંડા શિતળ જણાય છે અને દરદીને ઝોખો આવે છે. તેના હાથપગના નખ શામ પડે છે, તેને એક ઠંડી શ્વાસ થાય છે. તે દરદીને બચવાની આશા ઓછી જાણવી.

પાણી પહેલાં પાળ.

જે મનુષ્યને ગ્રહદશા પીડે છે તેનુ અનુષ્ટાન જપજપાદી કીધે કાંઇક પણ શાંન્તી થશે. તો આ પણ જગતદશા જાણવી માટે આપણા પરમાત્મા કિરતારને હાથ જોડી માફી માગી સ્તુતી કરવી જેથી પ્રભુ શાંન્તી કરશેજ.

જે ગામમાં કોલેરા રોગ ચાલતો હોય ત્યાં દરેક માણસને કેમ વરતવું તે જાણવાની જરૂર છે.

૧ શરીર સ્વચ્છ રાખવું ૨ ઉજાગરો કરવો નહી ૩ બધી આદતો રીતસર રાખવી ૪ ખોરાક સાદો અને પુષ્ટીક જલદીથી પચી જાય તેવો લેવો.

૫ ભારે અનાજ અપચો થાય તેવું જમવું નહી ૬ ટાઢું અનાજ બીજે દીવસ ખાવું નહી. ભેજવાળી જમીનમાં બેસવું તથા સુવું નહી. શાકભાજી સડેલી બગડેલી તેમજ કાકડી તજવાની જરૂર છે.

તેમજ ગામ પેટલાદના અમલદાર, અધીકારી સાહેબો, વહીવટદાર સાહેબ, તથા ડાકતર સાહેબ, તથા નાયબસુબા સાહેબ તથા મુનસબ સાહેબ વિગેરે ઘણી તસ્દી લઈ રૈયત બચે તથા આબાદી થાય તેના ઉપાય લેતા ઇશ્વરને પ્રાર્થના કરતા હતા, તથા વહીવટદાર સાહેબ તથા ડાકતર સાહેબ જે મેહેલ્લામાં રોગી હોય તેને બનતા ઉપાયથી દવા આપતા. મારે હમારી ઇશ્વર પ્રત્યે અરજ છે કે તેમનું ભલુ કરો, હું તો ટુંક બુદ્ધીવાળો અલ્પ મતીનો છું. માટે હમારી ભુલચુકની ક્ષમા કરી સુધારશો.

ભજન.

આંખ વિના અંધારૂં રે એ રાગ

સત વચન બરૂ મારૂં રે આતો સર્વે જુઠું જંજાળીનું જાણું
જુઠું કુટુંબ કબીલો માયા, જુઠી છે જનુની જાયા,
આપ ગયે છે અંધારૂંરે આતો સર્વે.
ગયા ગાદીપતી ખાઈ ગોથાં ચાલ્યા મુકી પંડીત પોથાં
નામ ધર્યું તે નવ રહેનારૂંરે આતો સર્વે.
ધમક ધરતી પગ નવ ધરતા ફુલડીયાં લટકાવી ફરતા
ચડતા હાડડીઓમાં બાળુંરે આતો સર્વે.
ચૌદ ચોકડી રાજને મુકી ગયો લંકેશ ન નીમત ચુકી
કાળથી કોણ છોડાવનારૂંરે આતો સર્વે

સ્તુતી.

સમર લ્યો ઇસ્ટદેવ નરનારી, સઘળા સંકટ કટ જાય ભારી
મત કરી કરી હાથે મુવા પણ મરચાં નહી અભીમાન
સર્વ સર્વના દેવ સરખા જાણો હીંદુ ને મુસલમાન
નીંદા નરકતણી છે બારી સઘળા
કૃષ્ણ ભજે કોઇ રામ ભજે કોઇ ભજે મહાદેવ માતા
સર્વ વીભુતીઓ પ્રભુની જાણી કરે સુખની સહાતા
આસ્થા અંતે ન જાશો હારી સઘળા
અલ્લા આદમ પીર પેગંબર મુસલમાનને ભજવા
પોતપોતાના ધર્મ સાચવી ઉરના અવગુણ તજવા
સમજી લ્યો ઉર તણા હંકારી સઘળા

ધીરાની દેશી

કળજુગમાં સરજુગ આવેરે જોતાં અનુમાન જડે
અનેક જીવ જાતાંરે દુનીયાંને દુઃખ દારૂણ પડે
જાવું નથી એમ જાણતા ઉર અભીમાન હંકાર
અચાનક મ્રત્યુ આવતાં મોંઘા મેઘાધાર
પ્રગટ પરછા જોયારે ખરી ખોટી ખબર પડે કળજુગ
કેટલાક ખડગે સંહારશે કેટલાક મરશે રોગ
કેટલાક કોલેરે જશે ધરતી લેશેરે ભોગ
મોટા પુરૂષે ભાંખ્યારે અગમવાણી જોતાં જડે કળજુગ

અનેક ધર્મના વાડા બંધાણા ચલાવે નવા નવા પંથ
વેદ શાસ્ત્રને કોરે મુકી ન વાંચે ધર્મ કે ગ્રંથ
જેવી બુદ્ધિ જેનીરે તેવે રસ્તે તેતો ચડે — કળજુગ
કંઠી બાંધી કાનજ ફુંકે દેતા ગુરૂ ન ઉપદેશ
શિષ્યને શીખામણુ દેતા પોતે ન પાળે લેશ
પોથીમાંનું રીંગણુરે પુરાણીને નવ નડે — કળજુગ
કળજુગમાં સતજુગ વરતાશે તેનાં ભળે એંધાણ
તરત કરે ને ભોગવે જુગમાં થાશે જાણ
દાસ છોટો કહેછેરે ભજતાં હરી વસ્તુ જડે. — કળજુગ

સમાપ્ત.

જાહેર ખબર.

અમારૂં રચેલું પુસ્તક "ભજનામૃત-દીપક" નામનું રોયલ સોલ પેજી-ફરમા ૧૬ સોળનું-જેની અંદ મીરાંબાઇ, નરસિંહ મહેતો, તુલસીદાસ, ગોરો કુંભાર, વિગેરે બીજાં ભકતચરિત્રો તથા મીરાં રાંકડીનો ગરબો ઘણા માણસો ગાય છે તે, તથા અભણ માણસોને ઉપયોગ થઈ પડે અને સહેલાઇથી યાદ રહી શકે તેવો કક્કાથી (સુધીનો ગરબો દાખલ કરેલો છે.

સદરહુ પુસ્તકના માટે ઘણા સારા સારા સદ્‌ગૃહસ્થો જેવા કે—રીટાયર્ડ ડેપ્યુટી કલેકટર બમનજી સાહેબ તથા અંબાલાલ એસ૦ દેશાઇ વિગેરે બીજા ગૃહસ્થોના તરફથી સર્ટિફીકેટો મળેલાં છે.

સદરહુ પુસ્તકનો ઘણો સારો બહોળો ફેલાવો થયેલો છે. અને તેની મુળ કીમત ૦—૧૨—૦ હતી તેના બદલે અમોએ જલદીથી ફેલાવો કરવાની ખાતર કીમત ઘટાડીને ફકત ૦—૬—૦ છો આના રાખેલી છે માટે જલદીથી મંગાવી લેવા કૃપા કરશોજી. મળવાનાં ઠેકાણાં—

૧. સોની છોટાલાલ કીશોરદાસ ભક્ત.

ઠે. લીંબડીશેરી મુ. પેટલાદ.

૨ સદરૂદીન રજાભાઇ.

ઠે. નાના ચઉટામાં—મુ. પેટલાદ.